


**☞ પ્રેસ-નોટ ☜ તા.૦૧/૧૨/૨૦૨૩.**

**અમરેલી સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી શંકાસ્પદ નશાકારક આલ્કોહોલ મિશ્રીત તથા એક્સપાયર થઈ ગયેલ બોટલો નંગ- ૭૮ કુલ કિ.રૂ.૮,૬૯૨/-ના જથ્થા સાથે એક ઈસમને પકડી પાડતી અમરેલી અમરેલી એસ.ઓ.જી.ટીમ.**

**પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા. ગાંધીનગરનાઓ દ્વારા** આયુર્વેદિક માદક સીરપ સેવન અંગે ખાસ ઝુંબેશ ડ્રાઈવ રાખવામાં આવેલ હોય જે અન્વયે **ભાવનગર રેન્જ આઈ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ સમગ્ર ભાવનગર રેન્જના જિલ્લાઓમાં નશાયુક્ત પદાર્થો/પ્રવાહીનું ગેરકાયદેસર વેચાણ કરતા ઈસમો ઉપર કાર્યવાહી કરવા સુચના આપેલ હોય જે અન્વયે **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં કફ સિરપ અન્ય આયુર્વેદીક દવાઓના નામે આલ્કોહોલિક દવાઓનું ડોકટરશ્રીના પ્રિસ્ક્રીપ્શન વગર પોતાના આર્થિક ફાયદા સારૂ ગેરકાયદેસર વેચાણ કરતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

જે અનુસંધાને **એસ.જી.ઓ.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.ડી.ચૌધરી** તથા **એસ.ઓ.જી. પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી એન.બી.ભટ્ટ** નાઓની રાહબરી હેઠળ **એસ.ઓ.જી.ટીમ** અમરેલી સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હોય તે દરમિયાન ખાનગી બાતમી રાહે હકિકત મળેલ કે, અમરેલી ટાઉનમાં રાજકમલ ચોક પાસે આવેલ ભાટીયા આયુર્વેદીક સ્ટોર ખાતે જયભાઈ તરૂણભાઈ સંપટ વાળા પોતાના કબ્જા ભોગવટાની દુકાને આલ્કોહોલ તથા તેવુ કોઈ કેફી પ્રવાહી મિશ્રીત પીણુ તથા ઘણા વર્ષો પહેલાની અને એક્સપાયર થઈ ગયેલ આયુર્વેદીક બોટલોનુ વેચાણ કરેલ છે. જે હકિકત આધારે **એસ.ઓ.જી.ટીમ** દ્રારા રેઈડ દરમિયાન એક ઈસમને શંકાસ્પદ નશાકારક આલ્કોહોલ મિશ્રીત તથા એક્સપાયર થઈ ગયેલ બોટલો સાથે પકડી પાડી, મળી આવેલ બોટલોમાંથી એફ.એસ.એલ. તથા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગનાઓની તપાસણી અર્થે સેમ્પલ તરીકે લઈ, તમામ બોટલો શકપડતી મિલ્કત તરીકે કબ્જે કરી, અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ દાખલ કરી કબ્જે કરેલ મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા માટે સોંપી આપેલ છે.

**⇨ પકડાયેલ ઈસમની વિગતઃ-**

**જયભાઈ તરૂણભાઈ સંપટ ઉ.વ.૩૨ ધંધો- આયુર્વેદીક સ્ટોર રહે.અમરેલી માણેકપરા શેરી નંબર – ૦૭ તા.જિ.અમરેલી**

**⇨ પકડાયેલ મુદ્દામાલઃ-**

(૧) MPIL કંપનીની TRINGASAV (self generated Alcohol below 9% v/v) 450 ml, Manufacture in india by – MAHESHWARI PHARMACEUTICALS (i) LTD લખેલ કુલ બોટલ નંગ-25 જેની એક બોટલની કિ.રૂ.૧૭૦/-લેખે કુલ કિ.રૂ.૪૨૫૦/-

(૨) સાંડુ કંપનીની મહામંજીષ્ઠાદી કાઢા (self generated Alcohol not more than 11% v/v) 450 ml, Manufacture in india by – SANDU BROTHERS PVT LTD લખેલ કુલ બોટલ નંગ- 09 જેની એક બોટલની કિ.રૂ.૨૦૫/- લેખે કુલ કિ.રૂ. ૧૮૪૫/-

(3) એક્સપાયર થયેલ કુલ બોટલો નંગ- ૪૪ જેની કુલ કિ.રૂ. ૨૫૯૭/- મળી કુલ બોટલ નંગ - ૭૮ જેની કુલ કિ.રૂ.૮,૬૯૨/-નો મુદ્દામાલ

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.ડી.ચૌધરી** તથા **પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી એન.બી.ભટ્ટ** તથા **એસ.ઓ.જી.ટીમ** ના **એ.એસ.આઈ. નાજભાઈ સાર્દુળભાઈ તથા સંજયભાઈ ગીગાભાઈ તથા જિતેન્દ્રકુમાર રમેશભાઈ** તથા **હેડ કોન્સ. ગોબરભાઈ લાપા** દ્વારા કરવામાં આવેલ છે.

**પ્રેસ નોટ** **<u>તા.૦૨/૧૨/૨૦૨૩</u>**

**<u>અમરેલી તાલુકાના રીકડીયા ગામની સીમમાં વાડીના મકાનોમાં થયેલ ઘરફોડ ચોરી ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>**

➡ **<u>ગુન્હાની વિગતઃ-</u>**

તા.૦૯/૦૯/૨૦૨૩ નાં રોજ વિજયભાઇ ભરતભાઇ ખાત્રા, ઉ.વ.૨૮, રહે.રીકડીયા, તા.જિ.અમરેલી વાળાની રીકડીયા ગામની સીમમાં આવેલ વાડી તેમજ આ વાડીની બાજુમાં આવેલ સંજયભાઇ દકુભાઇ ભીમાણી તથા ચતુરભાઇ મુળજીભાઇ માંડલીયાની વાડીના મકાનમાં અજાણ્યા ચોર ઈસમો પ્રવેશ કરી, વાડીના મકાનમાં રહી ખેતીકામ કરતા માણસોના એન્ડ્રોઇડ મોબાઇલ ફોન નંગ – ૩ કિં.રૂ.૧૫,૦૦૦/- તથા રોકડા રૂ.૧,૫૦૦/- તથા ચાંદીનો કવડો કિં.રૂ.૨,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૧૮,૫૦૦/- ની ચોરી કરી લઇ જઇ ગુનો કરેલ હોય, જે અંગે વિજયભાઇએ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરીયાદ આપતા **અમરેલી રૂરલ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૩૦૬૫૬/ ૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૪૫૭, ૩૮૦** મુજબનો ગુન્હો રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી. શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં રજી. થયેલ અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ દ્વારા** ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને આજ રોજ તા.૦૨/૧૨/૨૦૨૩ નાં રોજ અમરેલી તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે અમરેલી તાલુકાના શેઠુભાર ગામના પાટીયા પાસેથી એક ઈસમને પકડી પાડી, મજકુર ઈસમની સઘન પુછ પરછ કરતા તેને ઉપરોકત ઘરફોડ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા, પકડાયેલ આરોપી તથા મળી આવેલ મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ **<u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>**

તેરસિંગ જવારસિંહ બામનીયા, ઉ.વ.૨૫ રહે.કરચટ, ગુજારીયા ફળીયા, કુકશી, જિ.ધાર (મધ્યપ્રદેશ) હાલ રહે.ટીંબા ગામની સીમ, તા.જિ.અમરેલી.

➡ **આરોપીઓ પાસેથી મળી આવેલ મુદ્દામાલઃ-**

રોકડા રૂ.૫૦૦/- તથા એક ઓપો કંપનીનો A17 મોડલનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૫,૦૦૦/- તથા એક વીવો કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૫,૦૦૦/- તથા એક વીવો કંપનીનો Y55 S મોડલનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૫,૦૦૦/- મળી **કુલ કિં.રૂ.૧૫,૫૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **એ.એસ.આઇ. મહેશભાઇ સરવૈયા, ભગવાનભાઇ ભીલ,** તથા **પો.હેડ કોન્સ. કિશનભાઇ આસોદરીયા, તુષારભાઇ પાંચાણી** તથા **પો.કોન્સ. ઉદયભાઇ મેણીયા** દ્વારા કરવામાં આવેલ છે.

**✍ પ્રેસ નોટ ✍** **તા.૦૧/૧૨/૨૦૨૩**

**પીપાવાવ મરીન પો.સ્ટે. વિસ્તારમાંથી એક ઇસમને આર્યુવેદિક સિરપના નામે નશાયુકત પીણાની બોટલોનું વેચાણ કરતા પકડી પાડતી અમરેલી એલ.સી.બી. તથા પીપાવાવ મરીન પો.સ્ટે. ટીમ**

**પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર નાઓને** ગુજરાત રાજયમાં આર્યુવેદિક સિરપના નામે નશાયુકત પીણાની ગેરકાયદેસર પ્રવૃતિ અંકુશમાં લેવા ખાસ ડ્રાઇવનું આયોજન

કરેલ હોય, **ભાવનગર રેન્જ આઈ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ આ ડ્રાઈવ દરમિયાન ભાવનગર રેન્જના જિલ્લાઓમાં નશાયુકત પદાર્થો/પ્રવાહીનું ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમો ઉપર કાર્યવાહી કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ આ ખાસ ડ્રાઈવ અન્વયે અમરેલી જિલ્લામાં કફ સિરપ, અન્ય આયુર્વેદીક દવાઓના નામે આલ્કોહોલિક દવાઓનું ડોકટરશ્રીના પ્રિસ્ક્રીપ્શન વગર પોતાના આર્થિક ફાયદા સારૂ ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમો સામે કડક કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** આજ રોજ તા.૦૧/૧૨/૨૦૨૩ નાં રોજ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હોય તે દરમિયાન એલ.સી.બી. ટીમ તેમજ પીપાવાવ મરીન પો.સ્ટે. ટીમને બાતમી રાહે હકિકત મળેલ કે, ચાંચ ગામે, બસ સ્ટેન્ડ પાસે એક ઇસમ સિરપના નામે નશાયુકત પીણાનું વેચાણ કરે છે, જે હકિકત આધારે સંયુકત રેઈડ દરમિયાન એક ઇસમને નશાકારક કેફી પીણાની બોટલો સાથે પકડી પાડી,પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપી આપી, આઇ.પી.સી. કલમ ૩૩૬ તથા પ્રોહીબીશન કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી) મુજબ ગુનો રજી. કરી, કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

➡ **<u>પકડાયેલ ઇસમની વિગતઃ-</u>**

વિષ્ણુ દેવજીભાઇ ચૌહાણ, ઉ.વ.૩૬, રહે.ચાંચબંદર, તા.રાજુલા, જિ.અમરેલી.

➡ **<u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>**

(૧) SUNNINDRRA ARYURVEDIC PROPRIETARY MEDICINE 400 ML Manufactured By,AMB PHARMA બનાવટની contains self generated alcohol not more than 11.0% v/v લખેલ કુલ બોટલો નંગ-૬ જેની કિં.રૂ.૯૦૦/-

(૨) AQUA LAVANDER 100 ML Manufactured By,AZAD MKTG બનાવટની contains alcohol 72.0% v/v લખેલ કુલ બોટલ નંગ- ૯૭ જેની કિં.રૂ.૬,૭૯૦/-મળી કુલ બોટલ નંગ ૧૦૩ **કુલ કિં.રૂ.૭,૬૯૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ. શ્રી એમ.બી.ગોહિલ** તથા **એ.એસ.આઇ. બહાદુરભાઇ વાળા,** તથા **હેડ કોન્સ. લીલેશભાઇ બાબરીયા,** તથા **પો.કોન્સ. વિનુભાઇ બારૈયા, યુવરાજસિંહ વાળા** તેમજ **પીપાવાવ મરીન પો.સ્ટે. ના હેડ કોન્સ. વિક્રમભાઇ ડાભી, પો.કોન્સ. અજયભાઇ વાઘેલા** દ્વારા કરવામાં આવેલ છે.

***પ્રેસ નોટ***                **તા.૦૩/૧૨/૨૦૨૩**

**પશુધનની ચોરીઓ કરતી ગેંગને કુલ કિં.રૂ.૧૦,૩૮,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી, અમરેલી, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ, રાજકોટ, મોરબી, જામનગર જિલ્લા સહિતની કુલ – ૧૧ પશુધનની ચોરીઓ ડીટેક્ટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ જીલ્લામાં મિલ્કત સબંધી વણશોધાયેલા ગુન્હાઓ શોધી કાઢી, આવા ગુન્હેગારો પકડી પાડી, ચોરીમાં ગયેલ પુરેપુરો મુદ્દામાલ રીકવર કરી, મુળ માલિક ને પરત મળી રહે તે મુજબ અસરકારક કામગીરી કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ.એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ એલ.બી.ટીમ દ્વારા ચોક્કસ માહિતી મેળવી બકરાઓની ચોરી કરનાર ગેંગના સભ્યોને, બાબરા ટાઉન, શાહ પેટ્રોલ પંપ પાસે, રાજકોટ – ભાવનગર હાઈવે રોડ ઉપરથી ઝડપી લઇ, બકરા ચોરીમાં ઉપયોગ કરેલ ક્રેટા કાર, રોકડ રકમ, મોબાઇલ ફોન સહિતનો મુદ્દામાલ કબ્જે કરી અમરેલી, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ, રાજકોટ, મોરબી, જામનગર જિલ્લાઓમાં થયેલ **૧૧** પશુધન ચોરીઓનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવેલ છે.

**➡ પકડાયેલ આરોપીની વિગતઃ-**

(૧) પરશોતભાઇ ઉર્ફે પસાભાઇ પુંજાભાઇ તળપદા, ઉ.વ.૪૯, રહે.નડીયાદ, દીનશાનગર, મહેશ વાટીકા વાડીની બાજુમાં, તા.નડીયાદ, જિ.ખેડા

(૨) નિઝામુદ્દીન મૈયુદ્દીન શેખ, ઉ.વ.૩૭, રહે.માતર, નાની ભાગોળ, જુમ્મા મસ્જીદ પાસે, તા.માતર, જિ.ખેડા

(3) રાજ ઉર્ફે રાજલો પુનમભાઇ તળપદા, ઉ.વ.૨૯, રહે.નડીયાદ, ડાકોર રોડ, બ્રહ્મશ્રી આશ્રામ પાછળ, મોખાડ તલાવડી, તા.નડીયાદ, જિ.ખેડા.

**➡ આરોપીઓ પાસેથી મળી આવેલ મુદ્દામાલઃ-**

(૧) રોકડા રૂ.૨૮,૦૦૦/-

(૨) એન્ડ્રોઇડ મોબાઇલ ફોન નંગ – **૨**, કિ.રૂ.૧૦,૦૦૦/-

(3) એક હુન્ડાઇ ક્રેટા કાર રજી. નંબર વગરની કિં.રૂ.૧૦,૦૦,૦૦૦/- મળી **કુલ કિં.રૂ.૧૦,૩૮,૦૦૦/- નો મુદ્દામાલ.**

**➡ પકડાયેલ આરોપીઓએ ગુનાઓની આપેલ કબુલાલની વિગતઃ-**

પકડાયેલ ત્રણેય ઇસમોની પુછપરછ કરતાં, પોતે તેમજ પોતાના સાગરીત સંજય બાબુભાઇ તળપદા તથા કિશોર મનુભાઇ તળપદા તથા વિપુલ વીરસીંગ ભુરીયા ત્રણેય રહે.નડીયાદ વાળાઓ સાથે મળી નીચે મુજબની ચોરીઓ કરેલ હોવાની કબુલાત આપેલ છે.

(૧) તા.૨૪/૧૧/૨૦૨૩ નાં રોજ બાબરા તાલુકાના નિલવડા રોડ ઉપર આવેલ મેલડી માતાજીના મંદીરની બાજુમાં આવેલ ઓરડીમાંથી બકરા જીવ નંગ – ૮ ની ચોરી કરી, આ બકરા ક્રેટા કારમાં ભરી લઇ ગયેલ હતા. આ બાબતે ખરાઇ કરતા **બાબરા પોલીસ સ્ટેશન ગુ.ર.ન. ૧૧૧૯૩૦૦૮૨૩૦૫૨૭/૨૦૨૩ ઇ.પી.કો ૪૫૭, ૩૮૦ મુજબ** ગુન્હો રજી. થયેલ છે.

(૨) તા.૨૭/૧૧/૨૦૨૩ નાં રોજ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના મદારગઢ ગામે દેવીપુજક દંગામાંથી બકરા જીવ નંગ – **૨૫** ની ચોરી કરતા, તે વખતે માણસો જાગી જતા આ બકરા ક્રેટા કાર તેમજ આઇ૨૦ કારમાં ભરી જતા રહેલ હતા. જે બાબતે ખરાઇ કરતા **સાયલા પો.સ્ટે. (જિ.સુરેન્દ્રનગર) એ પાર્ટ ગુ.ર.ન. ૧૧૨૧૧૦૪૫૨૩૦૪૧૮/૨૦૨૩** ઇ.પી.કો **૩૭૯, ૧૧૪ મુજબ** ગુન્હો રજી. થયેલ છે.

(3) તા.૦૭/૧૧/૨૦૨૩ ના રોજ મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના અમરાપરા ગામેથી ઘેટા તથા બકરા જીવ નંગ – ૮ ની ચોરી કરેલ કરી, આ ઘેટા બકરા ક્રેટા કારમાં ભરી લઇ ગયેલ હતા. જે અંગે ખરાઇ કરતા આ ઘેટા તથા બકરાના માલીક જાકીરભાઇ આમદભાઇ લંઘા રહે.અમરાપર, તા.ટંકારા, જિ.મોરબી વાળાના હોવાનું જણાય આવેલ છે.

(૪) તા.૨/૧૧/૨૦૨૩ નાં રોજ રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના પીઠડીયા ગામેથી બકરા જીવ નંગ ૮ ની ચોરી કરેલ કરી, આ બકરા ક્રેટા કારમાં ભરી લઇ ગયેલ હતા. જે અંગે ખરાઇ કરતા આ બકરાના માલીક અરજણભાઇ પોલાભાઇ મકવાણા રહે.પીઠડીયા, તા.જેતપુર, જિ.રાજકોટ ના હોવાનું જણાય આવેલ છે.

(૫) આજથી આશરે બારેક દિવસ પહેલા જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના આણંદપર ગામે લોધીકા રોડ ઉપર આવેલ દેવીપુજક દંગામાંથી બકરા જીવ નંગ – ૪ ની ચોરી કરેલ કરી, આ બકરા ક્રેટા કારમાં ભરી લઇ ગયેલ હતા. જે અંગે ખરાઇ કરતા આ બકરાના માલીક રવિભાઇ વિઠ્ઠલભાઇ સોલંકી, રહે.આણંદપર, તા.કાલાવડ, જિ.જામનગર વાળાના હોવાનું જણાય આવેલ છે.

(૬) આજથી આશરે વીસેક દિવસ પહેલા ભાવનગર મુકામે નારી ચોકડીથી આખલોલ જકાતનાકાથી બકરા જીવ નંગ – ૩૬ ની ચોરી કરેલ કરી, આ બકરા ક્રેટા તેમજ આઇ ૨૦ કારમાં ભરી લઇ ગયેલ હતા જે અંગે ખરાઇ કરતા આ બકરાના માલીક રવજીભાઇ મથુરભાઇ વાઘેલા રહે.ભાવનગર વાળા હોવાનું જણાય આવેલ છે.

(૭) આજથી આશરે દોઢેક માસ પહેલા બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના નાના ભાડલા ગામેથી બકરા જીવ નંગ – ૩ ની ચોરી કરેલ કરી. આ બકરા ક્રેટા કારમાં ભરી લઇ ગયેલ હતા.

(૮) આજથી આશરે બે માસ પહેલા મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના અમરાપરા ગામેથી બકરા જીવ નંગ – ૩ ની ચોરી કરેલ કરી, આ બકરા ક્રેટા કારમાં ભરી લઇ ગયેલ હતા. જે અંગે ખરાઇ કરતા આ બકરાના માલીક ઇલમુદીન અલીભાઇ કડીવાળ રહે.અમરાપર, તા.ટંકારા, જિ.મોરબી વાળાના હોવાનું જણાય આવેલ છે.

(૯) આજથી આશરે ત્રણેક માસ પહેલા રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના સાતોદર ગામેથી રખડતા બકરા જીવ નંગ – ૨ ની ચોરી કરેલ કરી, આ બકરા ક્રેટા કારમાં ભરી લઇ ગયેલ હતા.

(૧૦) આજથી આશરે ચારેક માસ પહેલા મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના અમરાપરા ગામેથી બકરા જીવ નંગ – ૫ ની ચોરી કરેલ કરી, આ બકરા ક્રેટા કારમાં ભરી લઇ ગયેલ હતા. જે અંગે ખરાઇ કરતા આ બકરાના માલીક નજમુદીન અલીભાઇ કડીવાળ રહે.અમરાપર, તા.ટંકારા, જિ.મોરબી વાળાના હોવાનું જણાય આવેલ છે.

(૧૧) બાબરા તાલુકામાં નિલવડા રોડ ઉપર આવેલ મેલડી માતાજીના મંદિરમાં ગઇ તા.૨૪/૧૧/૨૦૨૩ નાં રોજ કરેલ ચોરી પહેલા અગાઉ બે વખત આ જ જગ્યાએથી બકરાઓની ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ છે.

## ➡ **પકડાયેલ આરોપીઓની ગુનો કરવાની રીતઃ-**

પકડાયેલ આરોપીઓ તથા તેમના સાગરીતો સાથે અગાઉ રેકી કરી, જે જગ્યાએ બકરા રાખવામાં આવતા હોય તે જગ્યાઓ જોઇ જતા હતા અને બાદમાં પોતાના હવાલાની ક્રેટા કાર તેમજ આઇ ૨૦ કારમાં આવી, બકરાઓની ચોરીઓ કરી, ક્રેટા કાર તથા આઇ ૨૦ કારમાં ભરી લઇ જતા હતા, અને બાદમાં આ બકરાઓ યાસીનભાઇ ગુલાબભાઇ શેખ રહે.આણંદ વાળાને વહેચી નાખતા હતા.

## ➡ **પકડાયેલ આરોપી પરશોતભાઇ ઉર્ફે પસાભાઇ પુંજાભાઇ તળપદા નો ગુનાહિત ઇતિયાસઃ-**

પકડાયેલ આરોપી પરશોતભાઇ ઉર્ફે પસાભાઇ પુંજાભાઇ તળપદા વિરૂધ્ધ નીચે મુજબના ગુનો રજી. થયેલછે.

(૧) ચકલાસી પો.સ્ટે. (ખેડા) ગુ.ર.નં.૬૪/૨૦૦૫, IPC કલમ ૪૫૭, ૩૮૦ મુજબ.
(૨) ચકલાસી પો.સ્ટે. (ખેડા) ગુ.ર.નં.૪૩/૨૦૦૫, IPC કલમ ૩૨૩, ૩૨૪, વિ. મુજબ.
(3) અમરાઇવાડી પો.સ્ટે.(અમદાવાદ) ફ. ગુ.ર.નં.૪૨૯/૨૦૦૫, IPC કલમ ૪૫૭, ૩૮૦ મુજબ.
(૪) ઉંઝા પો.સ્ટે. (મહેસાણા) ફ.ગુ.ર.નં.૬૩/૨૦૧૦, IPC કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ.
(૫) ઉંઝા પો.સ્ટે. (મહેસાણા) ફ. ગુ.ર.નં.૧૧૦/૨૦૧૦, IPC કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ.
(૬) આણંદ ટાઉન પો.સ્ટે. (આણંદ) ગુ.ર.નં.૩૧૨/૨૦૧૦, IPC કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ.
(૭) ગોધરા તાલુકા પો.સ્ટે. (ગોધરા) ફ. ગુ.ર.નં.૧૨૫/૨૦૧૨, IPC કલમ ૪૫૭, ૩૮૦ વિ. મુજબ.
(૮) ગોધરા ટાઉન (ગોધરા) ફ. ગુ.ર.નં.૨૪૫/૨૦૧૨, IPC કલમ ૪૫૭, ૩૮૦ વિ. મુજબ.
(૯) માતર પો.સ્ટે. (ખેડા) ફ. ગુ.ર.નં.૯૨/૨૦૧૨, IPC કલમ ૩૯૪ મુજબ.
(૧૦) આણંદ ટાઉન પો.સ્ટે. (આણંદ) ગુ.ર.નં.૨૭૩/૨૦૧૩, IPC કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ.

(૧૧) નડીયાદ પશ્ચિમ પો.સ્ટે. (ખેડા) ગુ.ર.નં.૧૫૧/૨૦૧૬, પ્રોહી. કલમ ૬૫, ૬૭, ૧૧૬બી મુજબ.
(૧૨) નડીયાદ રૂરલ પો.સ્ટે. (ખેડા) ગુ.ર.નં.૧૯૧/૨૦૧૬, પ્રોહી. કલમ ૬૬(૧)બી, ૬૫, ૬૭એ, ૧૧૬બી.
(૧૩) નડીયાદ પશ્ચિમ પો.સ્ટે.(ખેડા) ગુ.ર.નં.૩૬/૨૦૧૭, IPC કલમ ૪૯૮(ક),૫૦૪,૫૦૬(૨) મુજબ.
(૧૪) નડીયાદ પશ્ચિમ પો.સ્ટે.(ખેડા) ગુ.ર.નં.૮૬/૨૦૧૭, IPC કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ.
(૧૫) ચકલાસી પો.સ્ટે. (ખેડા) ગુ.ર.નં.૭૦/૨૦૧૮, IPC કલમ ૩૦૭, ૩૨૫, ૩૨૩ વિ. મુજબ.
(૧૬) હિંમતનગર એ ડીવી. પો.સ્ટે. (સાબરકાંઠા)ગુ.ર.નં.૧૩૮/૨૦૧૯ IPC કલમ ૩૭૯, ૧૧૪ મુજબ.
(૧૭) મહેમદાબાદ પો.સ્ટે. (ખેડા) ફ. ગુ.ર.નં.૧૯૬/૨૦૧૧, IPC કલમ ૩૭૯, ૧૧૪ મુજબ.
(૧૮)અંકલેશ્વર બી ડીવી. પો.સ્ટે.(ભરૂચ) ગુ.ર.નં.૧૯૧/૨૦૨૩, IPC કલમ ૩૭૯ મુજબ.
(૧૯)અંકલેશ્વર બી ડીવી. પો.સ્ટે.(ભરૂચ) ગુ.ર.નં.૨૦૪/૨૦૨૩, IPC કલમ ૩૭૯ મુજબ.
(૨૦)અંકલેશ્વર બી ડીવી. પો.સ્ટે.(ભરૂચ) ગુ.ર.નં.૨૦૩/૨૦૨૩, IPC કલમ ૩૭૯ મુજબ.

ઉપરોકત ગુનાઓ સિવાય મજકુર પરશોતભાઇ ઉર્ફે પસાભાઇ પુંજાભાઇ તળપદાની પુછ પરછ દરમિયાન નીચે મુજબના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ બનાવોમાં પકડાયેલ હોવાની હકિકત જણાવેલ છે.

(૧) સાત વર્ષ પહેલા મોરવા હડફ પો.સ્ટે. માં બકરાની ચોરીના ગુનામાં પકડાયેલ છે.
(૨) શહેરા પો.સ્ટે. માં બકરા ચોરીના ગુનામાં પકડાયેલ છે.
(૩) નડીયાદ પો.સ્ટે.માં છેતરપીંડીના ગુનામાં પકડાયેલ છે.
(૪) સને ૨૦૧૦ માં આણંદ પો.સ્ટે.માં ચોરીના ગુનામાં પકડાયેલ છે.

**➡ <u>પકડાયેલ આરોપી નિઝામુદ્દીન મૈયુદ્દીન શેખ નો ગુનાહિત ઈતિયાસઃ-</u>**

પકડાયેલ આરોપી નિઝામુદ્દીન મૈયુદ્દીન શેખ વિરૂધ્ધ નીચે મુજબના ગુનાઓમાં રજી. થયેલ છે.

(૧) ડભોઇ પો.સ્ટે. (વડોદરા) ફ. ગુ.ર.નં. ૪૭/૨૦૧૩, IPC કલમ ૩૭૯, ૧૧૪ મુજબ.
(૨) વેજલપુર પો.સ્ટે. (અમદાવાદ) ગુ.ર.નં.૫૨/૨૦૧૫, એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ.
(૩) કણભા પો.સ્ટે. (અમદાવાદ) ફ. ગુ.ર.નં.૨૬/૨૦૨૦, IPC કલમ ૩૭૯ મુજબ.
(૪) માતર પો.સ્ટે. (ખેડા) એ પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૪૦૪૦૨૧૦૨૭૦/૨૦૨૧, IPC કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબ.
(૫) પાણીગેટ પો.સ્ટે.(વડોદરા) ફ. ગુ.ર.નં.૩૫૯/૨૦૧૩, IPC કલમ ૨૭૯ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ.

ઉપરોકત ગુનાઓ સિવાય મજકુર નિઝામુદ્દીન મૈયુદ્દીન શેખની પુછ પરછ દરમિયાન નીચે મુજબના પોલીસ સ્ટેશનના બનાવોમાં અગાઉ પકડાયેલ હોવાની હકિકત જણાવેલ છે.

(૧) દેવગઢ બારીયા પો.સ્ટે. માં બકરા ચોરીના ગુનામાં પકડાયેલ છે.
(૨) નડીયાદ પો.સ્ટે. માં પ્રોહી.ના ગુનામાં પકડાયેલ છે.

**➡ <u>પકડાયેલ આરોપી રાજ ઉર્ફે રાજલો પુનમભાઇ તળપદાનો ગુનાહિત ઈતિયાસઃ-</u>**

પકડાયેલ આરોપી રાજ ઉર્ફે રાજલો પુનમભાઇ તળપદા વિરૂધ્ધ નીચે મુજબના ગુનો રજી. થયેલ છે.

(૧) કપડવંજ પો.સ્ટે. (ખેડા) સે.ગુ.ર.નં.૧૩૬/૨૦૧૫,જી.પી.એકટ કલમ ૧૨૪ મુજબ.
(૨) નડીયાદ ટાઉન પો.સ્ટે. (ખેડા) સે.ગુ.ર.નં.૪૫૬/૨૦૧૬, IPC કલમ ૧૮૮ મુજબ.
(૩) બોરસદ રૂરલ પો.સ્ટે. (આણંદ) ફ.ગુ.ર.નં.૩૫/૨૦૨૦, IPC કલમ ૩૭૯ મુજબ.
(૪) પેટલાદ પો.સ્ટે. (આણંદ) ફ. ગુ.ર.નં.૯૨/૨૦૧૧, IPC કલમ ૩૭૯ મુજબ.
(૫) ઠાસરા પો.સ્ટે. (ખેડા) ફ. ગુ.ર.નં.૧૧૨/૨૦૧૨, IPC કલમ ૩૭૯ વિ. મુજબ.
(૬) નડીયાદ ટાઉન પો.સ્ટે. (ખેડા) ફ. ગુ.ર.નં.૩૨/૨૦૧૧, IPC કલમ ૩૯૪, ૧૧૪ મુજબ.

ઉપરોકત ગુનાઓ સિવાય મજકુર રાજ ઉર્ફે રાજલો પુનમભાઇ તળપદાની પુછ પરછ દરમિયાન નીચે મુજબના પોલીસ સ્ટેશનના બનાવોમાં અગાઉ પકડાયેલ હોવાની હકિકત જણાવેલ છે.

(૧) પંદર વર્ષ પહેલા પેટલાદ પો.સ્ટેમાં બકરાની ચોરીમાં પકડાયેલ છે.
(૨) મેહેડાવ પો.સ્ટે.માં બકરા ચોરીના ગુનામાં પકડાયેલ છે.
(૩) પાંચ વર્ષ પહેલા નડીયાદ પો.સ્ટે.માં એક્સીડન્ટના ગુનામાં પકડાયેલ છે.
(૪) નડીયાદ પો.સ્ટે. માં ખુનના ગુનામાં પકડાયેલ છે.
(૫) ઉમરેઠ પો.સ્ટે. માં બકરા ચોરીના ગુનામાં પકડાયેલ છે.
(૬) કપડવંજ રૂરલ પો.સ્ટે.માં બકરા ચોરીના ગુનામાં પકડાયેલ છે.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકરસિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ,** તથા **એ.એસ.આઇ. જાવેદભાઇ ચૌહાણ** તથા **હેડ કોન્સ. મનીષભાઇ જાની, નિકુલસિંહ રાઠોડ, તુષારભાઇ પાંચાણી** તથા **પો.કોન્સ. રાહુલભાઇ ઢાપા** દ્વારા કરવામાં આવેલ છે.